SURAT MUNICIPAL CORPORATION
કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,
સુરત મહાનગરપાલિકા.

E-mail :- exen.swz@suratmunicipal.org

ફોન નંબર :– (૦૨૬૧) ૨૬૬૩૦૪૯–૫૦
+91 97243-46015
+91 97243-46017
FAX :– 91-0261-42 2110
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ઓફિસ, આદર્શભવનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત–૩૯૫૦૦૧.

# **સંમતિપત્રક**

નં.સા.વે. ઝોન (અઠવા)/આ.૪૪૨૩
તારીખઃ– ૧/૧૦/ ૨૦૨૬.

પ્રતિ,

---------------------------------------------------------------------
---------------------------------------------------------------------
---------------------------------------------------------------------
---------------------------------------------------------------------
---------------------------------------------------------------------

વિષય :– સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં સબઝોન–૧ વિસ્તારમાં આવેલ વિવિધ મ્યુનિસિપલ બિલ્ડીંગમાં મરામત અને રીપેરીંગ કરવાનું કામ બાબત.

મહાશય,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં સબઝોન–૧ વિસ્તારમાં આવેલ વિવિધ મ્યુનિસિપલ બિલ્ડીંગમાં મરામત અને રીપેરીંગ કરવાની કામગીરી રૂા.૫,૦૦,૦૦૦.૦૦ પૈ. ની ખર્ચ મર્યાદામાં સદરહું સમાન પ્રકારની કામગીરી આવેલ સબ ઝોન–૫ માં વિવિધ મ્યુનિસિપલ બિલ્ડીંગોના મરામત અને રીપેરીંગ કરવા જાહેર બાંધકામ સમિતિ ઠરાવ નં.૦૭/૨૦૨૬, તા.૦૯/૦૧/૨૦૨૬ ના ઠરાવ થી મંજુર થયેલ ટેન્ડરના ભાવે અને શરતને આધિન કરવા સંમત હોય તો આપની લેખિત સંમતિ બંધ કવરમાં તા. ૦૮/૧૦/૨૦૨૬ સુધીમાં સાંજે ૫:૦૦ કલાક સુધીમાં **સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન, સુરત મહાનગરપાલિકા, આદર્શભવનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત–૩૯૫૦૦૧** ખાતે મોકલવાના રહેશે. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈપણ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

## **–: શરતો :–**

૧. ઈ.એમ.ડી. ની રકમ **રૂા.૫,૦૦૦/– કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા**ના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ પે ઓર્ડર સંમતિ સાથે આપવાની રહેશે.
૨. ઈજારદારે રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે રજુ કરવાની રહેશે.
૩. ઈજારદારે સમાન પ્રકારના પૂર્ણ કરેલા કામના/ અનુભવના સર્ટીફીકેટ (Form 3A/ Work Completion Certificate) ની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે રજુ કરવાની રહેશે.
૪. ઈજારદારે G.S.T. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ, પી.એફ. સર્ટીફીકેટ, પાનકાર્ડ, આધાર કાર્ડની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે રજુ કરવાની રહેશે.
૫. જો ઈજારદારની ભાગીદારી પેઢી હોય તો અસલ ભાગીદારી કરારની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે રજુ કરવાની રહેશે.
૬. ઈજારદારે ભરેલ સંમતિપત્રક કોઈપણ સંજોગોમાં પરત લઈ શકાશે નહિ અને શરતી સંમતિપત્રક સ્વીકારમાં આવશે નહિ.
૭. કોઈપણ તથા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.
૮. તમામ પ્રકારના વેરા/ સરકારી/ અર્ધ સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાના રહેશે.
૯. પ્રવર્તમાન G.S.T. ટેક્ષનું સુરત મહાનગરપાલિકા ધ્વારા અલગથી ચુકવણું કરવામાં આવશે.
૧૦. તમામ પ્રકારના સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૧૧. આ કામની ગુણવત્તા (Quality) જળવાઈ રહે તે માટે અત્રેથી ખાસ તકેદારી રાખવામાં આવશે. જેથી તે મુજબની કામની અચુક પ્રગતિ રાખવા નોંધ લેશો.
૧૨. સદર કામગીરી બાબતે અત્રેના સિવિલ ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.
૧૩. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Technical Specification મુજબ કરવાની રહેશે.
૧૪. આપનું યોગ્ય રીતે સહી કરેલ લેખિત સંમતિપત્રના પરબિડીયા પર કામનું નામ એટલે કે **"............... કામનું સંમતિપત્ર."** લખવું આવશ્યક છે. જેના વગર આપનું સંમતિપત્ર નામંજુર થવાની સંભાવના છે. જેની નોંધ લેવી

જરૂરી છે.

૧૫. આપનું યોગ્ય રીતે સહી કરેલ લેખિત સંમતિપત્ર, ઈ.એમ.ડી. અને અન્ય સંબંધિત દસ્તાવેજો સાથે બંધ કવરમાં **તા. ૦૮/૧૦/૨૦૨૬ ના રોજ અથવા તે પહેલા સાંજે ૫:૦૦ કલાક સુધી RPAD/ Post/ Speed Post દ્વારા કાર્યપાલક ઈજનેર, સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન, સુરત મહાનગરપાલિકા, આદર્શભવનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત–૩૯૫૦૦૧** ની કચેરીમાં પહોંચાડવાના રહેશે.

-sd-
કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,
સુરત મહાનગરપાલિકા.